# વસ્તી સ્થળાંતરની બદલાતી પ્રક્રિયા અને પડકાર

પ્રા. નિલેષ પી. ચૌધરી
ભૂગોળ વિભાગ, પી. કે. કોટાવાલા આર્ટ્સ કોલેજ, પાટણ

## ૧. પરિચય

પ્રાચીન સમયથી માનવી સ્થળાંતર કરતો રહ્યો છે. શિકાર, પશુઓ માટે ઘાસચારાની શોધ, પાણીની શોધ, ખેતી માટેની ફળદ્રુપ જમીનનું આકર્ષણ, કુદરતી પ્રકોપ, રાજકીય કે ધાર્મિક કારણોસર અથવા સંરક્ષણના હેતુસર માનવી પોતાનું નિવાસસ્થાન બદલતો રહ્યો છે. ઔદ્યોગિક ક્રાંતિ પહેલા જ્યારે યાંત્રિક વાહનોની શોધ થઈ નહોતી ત્યારે માનવીની ગતીશીલતા ઓછી હતી પણ ઔદ્યોગિક ક્રાંતિ પછી ટેકનિકલ અને આર્થિક વિકાસ સાથે, માનવીની ગતીશીલતા વધી છે. માનવીની ગતીશીલતા વધવાથી સ્થળાંતર પણ વધુ પ્રમાણમાં થાય છે. આમ, માનવીનાં ઈતિહાસ જેટલો જ વસ્તીના સ્થાળાંતરનો ઈતિહાસ પણ પ્રાચીન છે. સતત વસ્તીના આગમન અને નિર્ગમનથી દેશ શક્તિશાળી બને છે. આધુનિક યુગમાં શહેરીકરણ એ પણ સ્થળાંતરનું જ એક પરિણામ છે. પરંતુ સ્થળાંતરના ઘણા પડકારો પણ રહેલા છે. સ્થળાંતરની ઘણીબધી અસરો જોઇ શકાય છે. “સ્થળાંતરને વિશાળ અર્થમાં જોઈએ તો, સ્થળાંતરમાં કાયમી અથવા હંગામી ધોરણે રહેઠાણ બદલાય છે. તેમાં કેટલે અંતરે સ્થળાંતર કરો છો, તે કાયમી છે કે હંગામી, તે ફરજિયાત છે કે મરજિયાત આંતરિક છે કે આંતરરાષ્ટ્રીય તેવી કોઇ બાબતને ધ્યાનમાં લેવાની નથી”

## ૨. સ્થળાંતરના પ્રકારો

સ્થળાંતરનો સમયગાળો અંતર, દિશા, પ્રમાણ, કારણ, ગતિ વગેરેમાં ઘણી વિવિધતા હોવાથી, સ્થળાંતરનું સર્વસામાન્ય વર્ગીકરણ કરવું મુશ્કેલ છે. પણ સમયગાળો, અંતર, પ્રેરક તત્વો તથા પ્રદેશને આધારે સ્થળાંતરના પ્રકારો પાડી શકાય.

**(અ)પ્રદેશને આધારે સ્થળાંતરના પ્રકાર**
(૧)આંતરખંડીય
(૨)આંતરરાષ્ટ્રીય
(3)આંતરિક
(4)પ્રાદેશિક
(i)ગામથી શહેર તરફ
(ii)શહેરથી શહેર તરફ
(iii)ગામથી ગામ તરફ
(iv)શહેરથી ગામ તરફ

**(બ)અંતરને આધારે**
(૧)ટૂંકા અંતરના સ્થળાંતર
(૨)લાંબા અંતરના સ્થળાંતર

**(ક)સમયગાળાને આધારે**
(૧)દૈનિક સ્થળાંતર
(૨)ઋતુવાર સ્થળાંતર
(૩)લાંબાગાળાનું સ્થળાંતર

**(ડ)પ્રેરકતત્વોને આધારે**
(૧)આર્થિક
(૨)સામાજિક
(૩)રાજકીય
(૪)વસ્તીવિષયક
(૫)પર્યાવરણીય

ઉપરોક્ત સ્થળાંતરના પ્રકારે, સામાન્ય અને વિગતે જોવા મળે છે. જેમાં ખાસ કરીને સર્વસામન્ય જોવા મળતું ગામથી શહેર તરફનું સ્થળાંતર વધુ ચર્ચિત મુદ્દો બન્યો છે. જેમાં વર્તમાન સમયમાં થઈ રહેલ મોટા ખેડૂતો શહેરોમાં સ્થળાંતર કરી રહ્યા છે.

## ૩.ભારતમાં

### *૩.૧ મોટા ખેડૂતો શહેરોમાં સ્થળાંતર કરી રહ્યા છે.*

‘દર વર્ષે સમગ્ર રાષ્ટ્રના સ્તરે કુલ વસતીના ૩ ટકા લોકો ગામડામાંથી શહેરો તરફ સ્થળાંતર કરે છે.’

'વસ્તી વિષયક સિધ્ધાંતોમાં વસતીનાં સ્થળાંતરના સિધ્ધાંતનું આગવું મહત્વ રહેલું છે. વસતીના સ્થળાંતરનો ત્રિવિધ દિશાએથી વિચાર કરવામાં આવે છે.

૧.ગામડામાંથી શહેર તરફ સ્થળાંતર
૨.એક શહેરમાંથી બીજા શહેરમાં સ્થળાંતર
૩.એક શહેરમાંથી બીજા ગામડામાં સ્થળાંતર

ભારતીય અર્થતંત્રની પરિસ્થિતિને લાગેવળગે છે. ત્યાં સુધી આપણે ત્યાં ગામડામાંથી શહેર તરફનાં સ્થળાંતરનો પ્રશ્ન ખૂબ જ પેચીદો છે. ભારતીય ગ્રામ પ્રદેશમાં મુખ્ય વ્યવસાય ખેતીનો છે. અને વસતીના ૬૧ ટકા લોકો ખેતીના વ્યવસાય સાથે જોડાયેલા છે. તે સિવાય જમીન વિહોણાં લોકોનો વર્ગખેતમજૂરના રૂપમાં ખેતી દ્વારા જે જીવનનિર્વાહ મેળવે છે. તે રીતે જોતાં લગભગ ૮૦ ટકા વસતી ખેતી ઉપર જીવનનિર્વાહ માટે નિર્ભર છે. એટલે જ્યારે ગ્રામ્ય વસતીનાં શહેરી સ્થળાંતરની વાત આવે છે. ત્યારે સ્વાભાવિક રીતે જ ખેડૂતોના શહેર તરફનાં સ્થળાંતરનું અર્થઘટન ફલિત થાય છે. ભારતની વસતી ૨૦૧૫માં અંતે ૧૩૨ કરોડની હતી જ તેમાંથી દરરોજ ૧ લાખ લોકોનું ગામડામાંથી શહેર તરફ સ્થળાંતર થાય છે. પરિણામે દર વર્ષે સમગ્ર રાષ્ટ્રના સ્તરે કુલ વસતીના ૩ ટકા લોકો ગામડામાંથી સ્વાભાવિક રીતે જ જે સ્થળાંતર થાય છે, તે ખેડૂતોનું હોય છે. તેમાં પણ મોટા ખેડૂતોનું પ્રમાણવિશેષ જોવા મળ્યું છે. આના સંદર્ભમાં ગુજરાત રાજ્યનાં કૃષિ મંત્રાલયનો ૨૦૧૬નો અહેવાલ ધ્યાનાકર્ષક છે. આ અહેવાલ જણાવે છે કે, ગુજરાતમાં ૨૦૦૧ થી ૨૦૧૬ દરમિયાન મોટા ખેડૂતોની સંખ્યામાં વધારો થયો છે. આંકડાઓ દર્શાવે છે કે, ગુજરાતમાં છેલ્લા ૧૫ વર્ષમાં કુલ ખેડૂતોની સંખ્યામાં વધારો થયો છે, પરંતુ મોટા અને મધ્યમ ખેડૂતોની સંખ્યામાં ઘટાડો થયો છે. મોટા ખેડૂતોની સંખ્યામાં ઘટાડો એ હકીકતનો સંકેત આપે છે કે મોટા ખેડૂતો ગામડામાંથી ખેતી છોડીને શહેરો તરફ સ્થળાંતર કરી રહ્યા છે. આજે સુરત, વડોદરા, રાજકોટ, અમદાવાદ જેવાં મોટા અને મેટ્રો શહેરોમાં વસતી વધારાનો દર દેશના સરેરાશ વસતી વધારાના દર કરતા ઘણો મોટો જોવા મળે છે.

### ૪. વર્તમાન સમયમાં સ્થળાંતરની બદલાતી પ્રક્રિયા

સ્થળાંતરની સામાન્ય પ્રક્રિયામાં લોકો પહેલાના સમયમાં માત્ર પોતાની રોજીંદા જીવન જરૂરિયાત પૂરી કરવા, તેમજ કેટલાક વ્યવસાયને લગતા સ્થળાંતર તો કેટલાક પ્રાકૃતિક આપદાઓ જેવી કે પૂર, દુષ્કાળ, ભૂંસ્ખલન વગેરેના સંદર્ભે સ્થળાંતર કરતા હતા. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોની સ્થળાંતર કરવાની પ્રક્રિયા બદલાઈ છે. ખાસ કરીને જ્યારથી નવી ટેક્નોલોજી વિક્સી છે. ત્યાર પછી તેમાં વધારો થયો છે. જેમાં ખાસ કરીને લોકો મનોરંજન માટે, પર્યટન સંદર્ભે, તો કેટલાક વધુ ક્માવાની લાલસા એ સ્થળાંતર કરે છે. વર્તમાન સમયમાં ગામડાઓમાંથી શહેર તરફના સ્થળાંતરમાં શિક્ષણ, વ્યવસાય અને મનોરંજન માટે સૌથી વધુ સ્થળાંતર થવા લાગ્યુ છે. આપણી આજુબાજુ જોઈએ તો પણ ખ્યાલ આવે છે કે હવે શિક્ષણનું પ્રાઈવેટીકરણ થવા દરેક માતા-પિતા પોતાના બાળકને ભણાવા ગામડાનો વ્યવસાય છોડી શહેરમાં વસે છે. એટલે કે મોટાભાગના સ્થળાંતર દેખા-દેખીના જોવા મળે છે.

### ૫. સ્થળાંતરની અસરો

- સ્થળાંતરની અસરો ઘણી જટિલ છે. તેનો આધાર સ્થળાંતરના પ્રકાર પર રહે છે. આમછતાં બધા પ્રકારના સ્થળાંતરની અસરો, જ્યાંથી લોકો સ્થળાંતર કરી જાય છે તે પ્રદેશ તથા જ્યાં જઈને વસે છે તે પ્રદેશ પર જોઈ શકાય છે. વ્યક્તિગત રીતે પણ સ્થળાંતર અસર કરે છે. કોઈ પ્રદેશમાં વસ્તી આવીને વસે અથવા જે પ્રદેશમાંથી સ્થળાંતર કરી જાય તે પ્રદેશોની વસ્તી તથા સંપત્તિમાં ભારે પરિવર્તન આવે છે.
- વસ્તી એક પ્રદેશમાંથી બીજા પ્રદેશમાં સ્થળાંતર કરતી હોવાથી, તેમની વસ્તીવિષયક લાક્ષણિક્તાઓ જેવી કે, વસ્તીની સંખ્યા, વસ્તીની ગીચતા, વસ્તીવૃધ્ધિ, જન્મપ્રમાણ-મૃત્યુપ્રમાણ, વયજૂથો, સ્ત્રી-પુરુષ પ્રમાણ,

વ્યવસાયિક જૂથો, સાક્ષરતા, શહેરીકરણ વગેરેમાં પરિવર્તન થાય છે. જે પ્રદેશમાં આવી વસ્તી આવીને વસે છે, એવા પ્રદેશોમાં વસ્તી અને કુદરતી સંપત્તિની સમતુલા ખોરવાવા લાગે છે જ્યારે બીજીબાજુ જે પ્રદેશમાંથી વસ્તી સ્થળાંતર કરી જાય છે. એવા પ્રદેશોમાં સ્ત્રીઓ, બાળકો અને વૃધ્ધોની સંખ્યા વધી જાય છે. જેના દ્વારા એવા પ્રદેશોની પ્રતીકૂળ અસરો પડે છે.

- આજે ઓછો વિકસિત દેશોમાંથી વસ્તી વધુ વિકસિત પ્રદેશોમાં સ્થળાંતર કરે છે, તેમાં યુવાનવસ્તી વધુ હોય છે જે, વયજૂથો અને સ્ત્ર-પુરુષનાં પ્રમાણ પર અસર કરે છે. જે સમાજકલ્યાણની વ્યવસ્થા પર અસર કરે છે. જેમ કે, કોઈપણ પ્રદેશમાં વસ્તીમાં ઘટાડો થતાં, કેટલીક શાળાઓ, બેંકો, દુકાનો, પોસ્ટ-ઓફિસો, અને દવાખાના બંધ થાય છે. જ્યારે આવી યુવાનવસ્તી જે પ્રદેશમાં જાય છે ત્યાં પોતાની સાથે તેના કુંટુંબને પણ લઈ જાય છે, જેને લીધે થોડા સમયમાં તે પ્રદેશના વયજૂથો અને સ્ત્રી-પુરુષ પ્રમાણમાં પરિવર્તન થાય છે.
- આ જ પ્રામણે સ્ત્રી કરતાં પુરુષો વધુ પ્રમાણમાં સ્થળાંતર કરતાં હોવાથી જે પ્રદેશમાંથી પુરુષો સ્થળાંતર કરી જાય છે ત્યાં સ્ત્રીઓનું પ્રમાણ વધારે અને પુરુષોનુ પ્રમાણ ઓછુ જોવા મળે છે. પણ તે પુરુષો જે પ્રદેશોમાં જઈને વસે છે તે પ્રદેશમાં પુરુષોનું પ્રમાણ સ્ત્રીઓ કરતાં વધુ જોવા મળે છે.
- સામાન્ય રીતે સ્થળાંતરિત વસ્તી શહેરોમાં વસવાનું વધુ પસંદ કરે છે, તેથી જે પ્રદેશમાંથીવસ્તી સ્થળાંતર કરી જાય છે તેવા પ્રદેશોના શહેરો વિક્સે છે. ગ્રામ્ય વિસ્તારોમાં આવી સ્થળાંતરિત વસ્તીનું પ્રમાણ વધુ જોવા મળતું નથી. તેમ છતાં કુદરતી આફતોસર વસ્તીએ સ્થળાંતર કર્યું હોય ત્યારે તેવી વસ્તી કેટલીકવાર ગ્રામ્ય વિસ્તારોમાં જઈને વસે છે.
- વસ્તીના સ્થળાંતરની અસર શારીરિક છે. સ્થળાંતરિત વસ્તીને કારણે જુદી-જુદી જાતિના લોકો વચ્ચ લગ્ન થતાં જે પ્રજોત્પતિ થાય છે તે વધુ તંદુસ્ત હોય છે. સ્થળાંતરિત વસ્તીએ ઘણીવાર ગંભીર એવી અનુકુલનની સમસ્યાઓનો સામનો કરવો પડે છે. ગ્રામ્ય વિસ્તારમાંથી સ્થળાંતર કરી ઔદ્યોગિક શહેરોમાં વસનાર વસ્તીએ સ્વચ્છ હવા ખુલ્લી જગાને, અભાવ, ધૂળ, ધુમાડો વગેરેનો સામનો કરવો પડે છે. તેમને તેમની ખોરાકની ટેવો તથા સમય બદલવો પડે છે.
- આ સિવાય ભાષાકીય, ધાર્મિક અસરો તેમજ કેટલીકવાર જાતિગત સંઘર્ષના પ્રશ્નો પણ ઊભા થાય છે. વર્તમાન સમયમાં મ્યાનમારમાંથી આવેલ રોહિંગ્યા મુસલમાનોનો પ્રશ્ન વધુ સંઘર્ષ યુક્ત બન્યો છે. તેમજ કેટલાક આર્થિક પ્રશ્નો જેમાં સાધન સંપત્તિનો પૂરતા પ્રમાણમાં ઉપયોગ અને તેના અભાવના પ્રશ્નો આવા ઘણા બધા સ્થળાંતર લક્ષી પડકારો જોઈ શકાય છે.
- આમ, સ્થળાંતર એસ બદલાતી પ્રક્રિયાની સાથે પડકાર રૂપ પણ બની જવા પામી છે જે ઉપરોક્ત કેટલાક મુદ્દાઓની ચર્ચાને અંતે સાબિત થાય છે. વર્તમાન સમયનો સૌથી મોટો પડકાર વસ્તી વધારાનો જેમાં ખાસ કરીને શહેરમાં વધતી જતી વસ્તીના કારણે વિવિધ પ્રકારના પ્રદૂષણો ઊભા થયા છે. જે હવા પ્રદૂષણ હોય કે ધ્વની કે પછી જળ પ્રદૂષણ આ બધાને લીધે પર્યાવરણ પર નકારાત્મક અસરો જોવા મળી રહી છે. જે ભવિષ્યની પેઢી માટે પડકારથી વિશેષ કહી નથી.

## સંદર્ભ સૂચિ


૧. દવે, મંજૂલાબેન “વસ્તી વિષયક ભૂગોળ”, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.

૨. Beoujeu – Garnier, J. (1966), Geography of Population Longman, London.

૩. Zimmermann, Klaus F. (1992), Migration and Economic Development, Springer-Verglag, New York.